શ્રી નવીન.

ઊમંગશીંહ—રાજશીંહ
નાટકનાં ગાયનો.

શ્રી દેશી નાટક કંપનીના સારૂ.

છપાવી પ્રસિદ્ધ કરનાર
ત્રવાડી મણીલાલ હરીભાઇ,
શ્રી દેશી નાટક કંપનીના માલીક.

આવૃત્તિ ૨ જી   પ્રત ૨૦૦૦

સને ૧૯૦૯

શ્રી સૂર્યસાગર પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

કીંમત રૂ. ૦-૨-૦

શ્રી નવીન.

મંગરશીંહ–રાજશીંહ નાટકનાં ગાયનો.

શ્રી દેશી નાટક કંપનીના સારૂ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ત્રવાડી મણીલાલ હરીભાઇ,

શ્રી દેશી નાટક કંપનીના માલીક.

આવૃતી ૨ જી   પ્રત ૨૦૦૦

સને ૧૯૦૫

કીંમત રૂ. ૦–૨–૦

પાત્રજન.

સુત્રધાર... ... ...નાટકાચાર્ય.

વિદુશાક... ... ...મસ્કરો

નટી... ... ...સુત્રધારની સ્ત્રી.

ઉદયશીંહ... ... ...માળવાનો રાજા.

પ્રાધાન... ... ...ઉદયશીંહનો.

ઉમંગશીંહ. }
રાજશીંહ. } ... ...ઉદયશીંહના પુત્રો.

કાન્તા... ... ...નગરશેઠની પુત્રી.

નગરશેઠ... ... ...માળવાનો.

કમળા ... ...ઉદયશીંહની રાણી.

જોગીઓ... ... ...વનવાસી.

ચંપકસેન... ... ...રૂમાવતીનો રાજા.

પ્રધાન... ... ...ચંપકસેનનો.

વીજયા... ... ...ચંપકસેનનો

સાહેલી... ... ...વીજયાની.

લુટારા... ... ...લુટનાર.

નગરવાશી... ... ...રૂમાવતીના.

શ્રી નવિન

ઊમંગશીંહ—રાજશીંહનું

સંગીત નાટક.

અંક પહેલો.

સુત્રધાર— ૧

જોડું હું જગનાથ હાથ બન્ને, આપો મતી સુધ્યરે,
જેથી જાય વિઘન દૂર સૌનાં, વાધે અતી બુધ્યરે;
નાટક આપ સમક્ષ આજ ભજવું, આનંદકારી અતી,
આથે નહીં કંઇ આળ પાત્ર જનને એવી ખીલાવો કૃતી.

નટી— ૨

જય જય પ્રભુ શીરનામું,
દરસનથી દુઃખ વામું;
છો દિન દયાળ, વંદે વિનયથી બાળ; દરસન. જય જય
પ્રણતપાલ પરમેશ્વર તુજને વંદુ નામિ સીશ.
પુરો મનના મનોરથ, નથિ અમોને ગત,
ભયહર—વિભુવર—જયકર—જેથી રમું રમું.
સરવ ગમું હું નમું પુર મનનન, દાન—જ્ઞાન—હાન. દે. જયજય.

રાજશીંહ— ૩

ચાલોને જઇએ બાત આજ ફરવાને,
ઘણા દીવસ થયાછે અરે સેલ કરવાને;
થયો વખત ઘણો આ વાર કરો તૈયારી,
જઇએ ઝટ ચાલો આજ ચાલતી સ્વારી.

ઉમંગશીંહ— ૪

ચાલો બંધુ સત્વર જઇએ સમી સાંજનો વખ્ત થયો;
પાછા ફરતાં વારજ થાશે જુવો સુર્ય આ અસ્ત થયો.
ચાલતા જવું છે માટે પાસે રાખો હથીયાર;
તાકીદેથી ચાલો થાય વિલંબ અપાર;
તમે લ્યો જમૈયો મારી પાસે છે કટાર. ચાલતા. ચાલોબંધુ.

ઉમંગશીંહ— ૫

ખીલ્યો આ નવરંગ બાગ દીલથી, લાગે સુસોભીત ખરો,
વેલો સુંદર પુષ્પ આ નવિન છે, કેવો વહે આ ઝરો;
કેતકી માલતી મોધરો બહુ ખીલ્યો, જાઇ જુઇ કેવડો.
ચંપોને ચંબેલી ગુલગોટા, ગુલાબ સૌથી વડો.

રાજશીંહ— ૬

કેવો આ ફુવારો, સેભીતો દીસેછે પાણીથી;
શુક કોકીલ ચાતયની, થાએ ખુશ દીલ નીરમળ વાણીથી.

પનિહારીઓ— ૭

સ્નેહે ચાલોને સખીયોરે, પાણી ભરવાને;
ચાલો ચાલો લટકતીરે, પીયુ મન હરવાને.
વાલે વિનોદની વાતોરે કરિએ;

પુષ્પલતા માંહિ આનંદે ફરિએ,
ક્રોધથી જરીએ નડરીએ. પાણી૦
જળ ભરી ઘર જલદીથી વલીએ,
જોબન જંગમાં બળીએ અનલીએ;
તેથી પીયુને મળીએ. પાણી૦

ઊમંગસીંહ— ૮

વાહ કેવી રમ્ય છે રમણી;
ચપકવર્ણી ચંચલચર્ણી. વાહ૦
પૂર્ણ પ્રકાશીત ચંદ્ર વદનથી;
અંકીત થઇ શું શોભે છે રજનિ. વાહ૦
ચતુર ચિત્રથી ચીત વિંધાયુ;
ચતુર ચિત્ર મારૂ આપે ચેતવણી. વાહ૦
રમ્ય રસીક છબી ઉર વશી રહી;
જન્મ સફળ થયો આવે જોનમણી. વાહ૦

પનીહારીઓ— ૯

કેમ શર્મ કર્મ મુકી, રોકયા છે અમને ૨
રાજકુંવર શું શર્મ તજી કરો, જુલમ જોર અપાર;
સમજુ થઇ કુદ્રષ્ટી કરોછો, પણ નહિ આમો સાર
દેખાશો ખાલી ખોટા, જવાદયો અમને. કેમ૦

ઉમંગસીંગ—બોલ બોલી શું દંભ દીયો પણ ડરીએ નહી તલબાર
જાવું હોય તો નીમ બતાવો, પછી અહીંથી જવાય;

પનીહારીઓ—શું રાજ સતા તેથી, દબાવો અમને. કેમ૦
અમને રોકી શું સાર નીકળશે, ફળ ખાંટાં મળનાર

ઉમંગસીંગ—થાય તેટલું કરી તે લેજે, કોઈથી નહિ ડરનાર;
કાં ખાલી ફાંફાં મારો, છોડું ન તમને, કેમ૦

કાન્તા— ૧૦
કેમ પકડયો છે છેડો મારો ઓળખ્યા વિના,
માઠું થાશે મુજ તાત જાણશે બીના. કેમ૦
રાજ્ય પુત્ર થઇ તમે પીડોછો પ્રજાને જ્યારે,
પ્રજા કહાં જઇ કહે દુઃખની સીમા. કેમ૦

ઊમંગશીંહ— ૧૧
તને કહું એટલું માનરે જીવજાન;
આલીંધનનું દે દાનરે પ્રીય પ્રાણ,
આપું હું તુને માન.

કાન્તા—ચુપ ચુપ,
ઊમંગ૦—વીચાર લગાર પ્રાણ,
કાન્તા—હુડધુત.
ઉમંગ૦—નહીંતો થાશે તુજ હાણરે,
કાન્તા—દુર દુર.

કાન્તા— ૧૨
કરૂં વીનંતી હું વારરે (૨) કૃપા કરીને મુને જવાદેદ
અબળા હું નીરાધાર, અરે હાય, હાય, હાયરે.
કરૂ વીનંતી હું વારરે.
કરૂં વિનંતી આપને, મુકો મુજને આજ,
જાણે પીતા માહયરો, જાણ કરે જઇ રાજ;
દુખ થાય, દિલ માંય—અરે હાયરે કરૂ.

ઊમંગશીંહ--　　　　　　　　　　૧૩

જરામાન, જરામાન, દીલજાનરે, જરામાન.

કાન્તા--રે હેવાન, છોડી ભાન, તજી સાન, રે નાદાન, જાસે જાનરે

ઉમંગ૦-જરામાન કહ્યું માન એકવાર.

કાન્તા--પીટયા તુજ સુખ બાળ,

ઉમંગ--ગાળ કોણ તું દેનાર.

કાન્તા--ધીક રર થા ગુમાર,

ઉમંગ--કરૂ વિનંતી તે ધર ધ્યાનરે જરામાન.

કાન્તા--　　　　　　　　　　૧૪

સીર છત્ર પરમ પવિત્ર, પીતાજી માહરા;
લીધી રાજકુંવરે મારી લાજ, કહુ બોલ સૌ ખરા,
છેડો પકડી ઉભી રાખી ત્યાંય, મને બહુ વારથી;
દીધી દસ વિસ તમને ગાળ અધિક ધિક્કારથી, સીર.

નગરશેઠ--　　　　　　　　　　૧૫

શાન્ત થા તું પ્યારી મારી દીકરી,
સુણી તારી દાદ આંસુથી ભરી.　　　　શાન્ત.
જાઊં આજે રાય પાસે હું અરે,
કહીશ આજે જે બની વિનતી કરી.　　　　સાન્ત.

ઉદયશીંગ--　　　　　　　　　　૧૬

કહોને સચિવ મારા, રાજ્ય વિષે સાર મુને.
જેથી સુખ થાય દુઃખ જાય કહો યાર મુને.　　　　કહો.
પ્રજા સૌ મારી તણો, ન્યાય કરૂ મગ્ન થઇ;
કદાપી પીડાય પ્રજા, મારી થાય દુઃખ મુને.　　　　કહો,

પ્રધાન-- ૧૭

સુણો માળવના મહિપાળ, હકીકત રાજ્યનીરે;
સત્ય ધર્મમાં પ્રજા સહુ છે, હુન્નર વિદ્યા બહુ બહુ છે;
આનંદે દિન જાય કૃપા સૌ આપનીરે. સુણો રાજ્ય.
હુન્નરશાળા, માંહી સુધારા, વિદ્યાભ્યાસ કરે છે બાળા
પતિવૃતા છે સર્વ નગરની નાજનીરે. સુણો.

બારોટ-- ૧૮

માળવકે મહીપાલ, રંકકુ કરત ન્યાલ;
દિનકો દયાળ લાલ, માળવમેં જાયો હે.
પ્રજાકી કરત વાર, દંડ દુષ્ટકો દેનાર;
એસો ભુપ હે દયાળ, ગુણ મેને ગાયો હે.
પ્રજા સુખ બોત પાવે, દુશમન ફુટ જાવે;
રંક મીત્ર એક ભાવે, ન્યાય પુર્ણ પાયો હે.
નહી કુચ પક્ષપાત, એક ન્યાય એક બાત;
બીદેશમે ચલી ખ્યાત નામ સુણ આયો હે.

ઉદયશીંહ-- ૧૯

વખાણ આપ કરો હો, એવી યોગ્યતા ક્યાંથી મારામાં;
ક્ષત્રી ધર્મ સાચવવો, એવું કહ્યું છે શાસ્ત્ર સુધારામાં.

નગરશેઠ-- ૨૦

સુણો રાય અરજ મારી, કહેતાં આવે છે લાચારી. સુણો.
પુત્રી મારી ગઇ પનઘટપર પાણી ભરવા માટે;
કુંવર મળ્યા વાટે, બોલ્યા મુખ ફાટે; દીધી બહુ ગારી. સુણો.
માટે કુંવરને ના શીક્ષા દોતો નહી રહીએ આ નગરમાં;

પ્રીતે આ પુરમાં, લાંછન લાગે કુળમાં, મુકે નાત બારી. સુણો.

ઉદયશીંહ— ૨૧

બોલાવો તમ બાળા, પુછું તેને સઘળું મુજ આગે;
માટે સિઘ્રે જાઓ, શંકા મુજ મનતણી આજ ભાગે.
કપુત નીકળ્યા ક્યાંથી, નામ લજાવ્યું જગત વિષે મારૂ;
થયા દુર જો અહીંથી, દુસ્ટો મુખ લેઇ આપતણું કાળું.

ઉદયશીંહ— ૨૨

બાળા મુખથી બોલ, કુંવરે કૃત કેવું કર્યું;
કરી હું મનમાં તોલ, મારૂ પાપી પુત્રને.

કાન્તા— ૨૩

સુણો કહું છું મુજ વૃત્તાંત, પીતાજી જાણી;
સમીસ ધ્યાએ હું, ભરવા ગઇ હતી પાણી.
હતા કુંવર બાગની માંહી, ગમત કરતાતા;
આજુબાજુ જોવા માટે ફરતાતા.
દેખીને મુજને, આવ્યા મારી પાસે;
પકડ્યું ત્યાં મારૂ ચિર, ઉમંગે હાસે.
કહ્યું થા મારે સ્વાધિન, પ્રેમદા પ્યારી;
નહિતો થાશે તુજ દેહ તણી ખુવારી.
શું ચાલે મારૂ જોર પીતાજી પ્યારા;
એટલો મુજ હેવાલ કહુ દિનદારા.

ઉદયશીંહ ૨૪

ક્યાં ગયા પુત્ર પાપી ચંડાળ, બંન્નેને હું તો ઠાર કરૂરે;
ફરો હાજર લગાડો ન વાર. બન્નેને૦

થયા મફતનું ખાઇને હરામ. બન્નેને૦
બોળ્યું નગર બધામાં મારૂં નામ. બન્નેને૦
મારી પ્રજા વર્તે છે મારો ન્યાય. બન્નેને૦
કેમ એમનાથી ઊલટું ચલાય. બન્નેને૦

ઉદયશી— ૨૫

ધીક ધીક પાપી જાઓ અહીંથી નામ લજાવ્યું છે મારૂં;
નથી કામ મુજ રાજમહીં મમ નામ ઊપર પાણી વાળ્યું.
જાઓ જાઓ તમે ઝટ મુજ રાજથકી બાર;
કાળુ મુખ લેઇ જાઓ આ સમે મુજ કાળ,
લાગે બાળહત્યા મુને નહી તો મારૂ ધીક.

ઉમંગ–તથા રાજશીંહ– ૨૬

કરો ક્ષમા અમારો દોષ, પિતાજી પ્રભુ સમા;
સીદ લાવોછો દિનપર રોષ, ધરો દયા દિલમાં.
કરી વણીક સુતાએ વાત પીતાજીને ખરી,
કદી છોરૂ કછોરૂ થાય વડીલ કરે તે પરી;
માટે માફ કરો એકવાર દયા દાખો દિલમાં.
નથી બુદ્ધી હમોને લગાર ગણુઇએ અસીલમાં.

ઉદયશીંહ— ૨૭

થાવો તૈયાર જાઓ વનમાં આનીવાર,
કામ કરી અણુઘટતું ઉલટા થાવો છો લાચાર;–થાવો.
લગાડો નહી વાર, નહી તો મારૂ ઠાર,
શાણા સરદારો કાડો નગરની બાર. થાવો.

કમળા— ૨૮

સુણુ દાસી મારી વાતરે, આવાર કહું તને;
થાય દિલમાં અતિ ઉચાટરે, બહુ માન શુકન મુને.
જાણે પુત્રો મારા ચાલ્યા મુકીને ઘરબાર;
માટે જાજો કુંવર કયાં છે લગાડીશ નહી વારરે. આ.
કુંવર મારા પ્રાણથી પ્યારા ન્યારા જો હુંથી થાય.
દાસી તુજને સાચું કહું જીવ અમારો જાય.—આવાર.

કમળ: — ૨૯

મુજ આંખ્યોના તારા, હે પ્રીય પ્યારા, કેમ છે દીલ ઉદાશ
કહો કુંવર મારા, કયમ દુખિઆરા, આંખ્યોના તારા. કેમ છે.
મારા સમજો સાચુ ના કહોતો, ઉદાસીનું વૃત્તાંત,
દુખમાથી મને મુક્ત કરીને ભાઇ ભાગોને ભ્રાંત;
પામુ સુખ હું પ્યારા, કુંવર મારા, આંખ્યોના તાર. કેમ.

ઉગ્ર૦ તથા રાજ૦— ૩૦

સુણો માતાજી કહીએ નામીને તમને,
જઇશું વન—જઇશું વન—જઇશું વન—જઇશું વન.

કમળા—હાય—હાય—હાય—હાય.

ઉ૦ રા૦—સુણો માતાજી૦

રા૦—પાળવા પીતુ વચન, જઇશું માતાજી વંન, ચીંતા નહી કરો મન,
મળીશું કોઈક દન;

ઉ૦—દીઓ રજા માત મારી, થાઓ સૌ સુખકારી,
હીમત ન જાઓ હારી, ધૈર્ય ધરો માત મારી;

કમળા—હાય-હાય-હાય-હાય.

ઉ૦ રા૦—સુણો માતાજી કહીએ.

કમળા— ૩૧

પ્યારા મારારે રાજ્યસીંહજી, કેમ જવાસે વંનજી,
દુખીઆરી માને છોડો નહીં, મારા લાડકરા તનજી;

ઉ૦ રા૦—ધૈર્ય ધરો મારી માવડી.

ઉ૦—વાલી માતા સોક નહી કરો, કરો નહીં કલ્પાંતજી,
પીતુરે વચન પ્રીતે પાળશું. થાઓને માડી શાંતજી;

કમળ—પીતારે તારાને હું જઈ કહું, માને જો મારી વાતજી;
કહુંરે માને નહી માલરૂ, કરૂ દેહની ઘાતજી;

ઉ૦ રા૦— થવાની વાતતે થઇ ગઇ, હવે મીથ્યા ન થાયજી,
આગ્ના આપો ઉતાવળાં, ક્ષત્રી વટ જાગી જાયજી.

ઉ૦ રા૦—વનમાં જાસું માતા માહરી, લખ્યું મીથ્યા ન થાયજી;
માટે રજા સત્વર દિઓ, આપો આશિશ માયજી;
ધૈર્ય ધરો મારી માવડી.

અંક બીજો.

રાજ્યશીંહ— ૩૨

તૃશા પિડેછે પ્યારા, માટે મુજને પાણી પાવોને;
નહીતો જીવ આ જાશે, માટે ભ્રાતા ઝટપટ જાવોને

ઉમંગશીંહ—　　　　૩૩

પાવું પાણી તુજને પ્યારા, ધીર ધાર તું બંધુ મારા
આ વિકટ જંગલ તો છે, દીસતો નથી ક્યાં રસ્તો છે રે;
થયા માત તાતથી ન્યારા, ધીર ધાર તું બંધુ મારા.
પ્રભુ દુઃખ દિએ તે સહેવું, દશા આગળ દિન થઇ રહેવું રે;
નથી ઉપાય બીજો પ્યારા ધીર ધાર તું બંધુ મારા.

ઉમંગશીંહ　　　　૩૪

નથી જડતુ પાણીરે, બહુ ભટક્યો વનમાં.　　　　નથી૦
ભ્રાત વાટ જોઇને બેઠો, હશે અરે ત્યાં મારી તેતો;
પ્રભુને-વિભુને-શું કહુ, લાવ્યો અહીં તાણીરે.　　　　નથી૦
શીંહ સાદથી અંતર ભડકે, થડકે હ્રદય અરે આ વારે;
બહુછે-પશુરે-અહીંરે, અતિ ભયંકર વાણીરે.　　　　નથી૦

ઉમંગશીંહ—　　　　૩૫

હાય હવે શું કરૂં હું, ડશીઓ મુજને વિષધર આ વારે;
પડયો વિખુટો રણમાં, મુજ ભ્રાત નીરાધારે.

ઉમંગશીંહ—　　　　૩૬

હાય હાય આ જીવ ચું થાએ, તન બળી બળી ખાખજ થાએ;
પ્રભુ દુખીઆને દુખ દેછે, દયાહિન અરે તું પ્રભુ છે;
પ્રભુ વિનવું હું નીરાધાર, મારા બંધુને લેજો સંભાળ;
મુજ વિના અરે ટળવળશે, એકલો એ અરણ્યમાં શું કરશે;
તુને સોંપુંછું અશરણ શરણ, હે જે સંભાળરે માત ધરણ.

રાજ્યશીંહ—　　　　૩૭

કેમ હજુ આવ્યો નહી, પ્યારો મારો આ વાર;

વાર થઇ બહુ તેહને, પીડે તૃસા અપાર. કેમ હજુ૦
વાયદો કરી મુજને ગયો, કહ્યું વેલો આવીશ;
શું થયું ને તું ક્યાં ગયો, ધીર કયમ ધરૂ ઇશ. કેમ હજુ૦
વાઘ વરૂ વનમાં બહુ, ચીતરા ને શીયાળ;
અજગર ફાલુ બીહામણા, પડે પેટમાં ફાળ. કેમ હજુ૦

રાજયશીંહ— ૩૮

ફળફળાદિક લાવું, ભુખ્યો હશે બંધુ મારો પ્યારો;
પાણી લઇને આવે, ત્યારે જાએ શીરથી દુઃખ ભારે.

જોગીએ— ૩૯

આવો આવો સંતો ધુન મચાવો;
ભવજલસે તર જાવો, હરી ગુણ ગાવો હોજી;
જુઠી માયા જુઠી કાયા, જાયા જરૂર જનારા હોજી.
રામ નામકી ધુન લગાવો, ઝટ ઉતરો ભવપારરે સંતોહાં ભવ.

એક ચેલો— ૪૦

પડયાહે યહ બેહાલ, સુધ્ય નહીહે સરીરકી;
ચડી ઇસકું બિપ ઝાલ, ઊઠાડો ગુરૂ ઇનકું.

ઉમંગશીંહ ૪૧

નમુંછું હું ગુરૂ તમને, ઉંઠાડયો આજ પ્રભુજી મને;
દુઃખીછું ભ્રાત વિજોગી, દીસોછો આપ બડા યોગી.
કીધો ઉપકાર મુજને તો, થયો હું કૃતાર્થ દુઃખ ખોતો;
બતાવો વાત આ વનની, સમાવો આગ આ તનની.

એક જોગી— ૪૨

મારગ આ સુખદાઇ, ચાલ્યો જા સીધે રસ્તે અહીંથી;
આગળથી બદલાશે, ડાબે હાથે વળજે તુ તહીંથી.

ઉમંગશીંહ— ૪૩

ગયો ક્યાં ભાઇરે મારો મળે ક્યાં તુજ સમ પ્યારો. ગયો૦
પાણી લેવા હું ગયો, મુકીને આ ઠામ;
શું થયું ને તું ક્યાં ગયો, ધારૂ કયમ હું હામ,
નથી હવે દુઃખનો આરો કીધો પ્રભુ ભ્રાતથી ન્યારો. ગયો૦
તુજ વિના હું એકલો ઝુરી મરીશ આ ઠામ;
પ્યારે મુજને ક્યાં મળે, હાય હવે હો રામ
પશુએ શું હણ્યો પ્યારો, થાય છે નષ્ટ વિચારો. ગયો૦

ચંપકસેન— ૪૬

હું પુછું તમને પ્રધાનરે કહો રાજ્યનો હેવાલ.
રૈયત મારી કેવા પાત્રે, ન્યાય આવી હું દ્વાર,
નગરમાં સી રીતે ચાલે, પુછું તેનો પારરે. કહો, હું.
સંગીતશાળા પાઠશાળા ને, કન્યાશાળાનું કામ;
સૈના સરવે કેવી છે મારી, પુછું તમને તમામરે. કહો. હું.

પ્રધાન— ૪૫

સુણો રાજ્યનું વર્ણું આજે, કહું સત્ય સુણો મહારાજ
નથી ચોર મુગલ કે છીનારી, છે શીયળવંત સૌ નારીજી.
અતિ નીરભય આપનું રાજ, કહું સત્ય સુણો મહારાજ.

ચંપકસેન--
૪૬

કોણ તમે છો ક્યાંથી, આવ્યા મુજને સત્વર કહી દોને;
રાજકુંવર દીસોછો, ધામ તમારૂં સુખે અહીં રહોને.

વીજયા—
૪૭

આવો આવોરે (હાંહારે) સખીઓ સૌ આજ ગરબા ગાવાને
આરાસુરીનું (હાંહારે) (૨) પુજન કરો બેન સુખીઆં થવા.
આરાસુર પટરાણીના સૌ, ગુણ ગાવો ઉમંગેરે;
દરશાન કરીએ સુખિયાં થઇએ, હળીમળીને સૌ સંગે ગરબા.
સાહેલીઓ--આશીશ એવી દઇએ તમને, મળજો કંથ સુજાણરે;
વીજયા--આશા પુરશે અંબીકાજી, કરશે કુશળ કલ્યાણ. "ગરબા.

વીજયા—
૪૮

ઘાયલ મન થયું મારૂ, રૂપ જોતાં ગઇ છું અરે મારી;
કહું તાતને હું જઇ, કરે લગ્ન તો શાન્તા પડે હારી.

અંક ત્રીજો.

સુદાસ—
૪૯

આવો આવો ખાસ યાર કરો હરીને મુજરા,
ખાસ બને કેસરદાર મુજરા.

હોય મોટા હુંશીયાર, સુરાઓના સરદાર,
ઃાઓને મારો માર, ખુશીથી.

સરદાર— મો રોટલાને દાર. ખુશી થાઓને અપાર.
હું છું તમારો સરદાર. ખુશીથી.
માજીની છે મારા યાર, કૃપા અપરમપાર,
થાય સર્વે સુખકાર. ખુશીથી.

રાજશીંહ— ૫૦

કેમ કરૂં હું આ અરણ્યમાં, મુને સુઝ કંઈ ના પડે. ખરે.
મુજ માત ક્યાં અને તાત ક્યાં, વળી ભ્રાત ક્યાં હું અરણ્યમાં;
મુજ નાત ક્યાં, વળી રાજ્ય ક્યાં, બહુ ખેદ થાય છે મનમાં,
પ્રભુ મેળવો મુજ ભ્રાતને ઉતપાતને કરી દુરરે,
અતિ થાયછે દુઃખ દીલમાં, રે ઊમંગ ભાઇ ક્યાં મળે. કેમ૦

લુટારા— ૫૧

આવો મારા વાલા ભાઇરે (૨) ગયા અમે સહુ હરખાઇરે.
લુગડાં સારાં તમે પેયાંછે જાણે મોટા હોય રાજ,
તમને દેખાને ખુશી થયા સહું થયાં અમારાં કાજ—આવો ગયા.

ચંપકસેન— ૫૨

કેમ અહીં તુ આવી કહે બેની, કેમ અહીં તુ આવી;
કામ શું પડીયું આજ સભા મહી, સત્વર દે તુ જણાવી. કહે.
ખાંત ધરૂછું સુણવાને હું, કહીશ ના વાત બનાવી. કહે.

વીજયા—   ૫૩

સુણો બાપુ (કહું વાત ચિતમાં ધરો મનસુખો કરો. સુણો.
ઉમંગશીંગની સાથે વરવું, જો ના કહોતો નીશ્ચે મરવું;
અવર પુરૂષ ભાઇ બાઇ ખરો વાત ચીતમાં ધારો. સુણો.

ચંપકસેન—   ૫૪

ઇચ્છા થઈ તારી તો, મારા મુખથી નથી કહેવાતી ના;
શુભ મહુરત જોઇને, પરણાવું હું નીશ્ચે જા ખુસી થા.

રાજશીંહ—   ૫૫

સોધ કરીને થાકયો, કંઇ નવ દીઠો બંધુ મારાને;
કયાં મળશે એ મુજને કયાં ખોળું હું ઊમંગ મારાને.

સર્વે—   ૫૬

ચાવો ખુશી આજરે, રાયપુત્રીનું લગનજ થાય. ચાવો.
ઓછવ મંગળ સઘળે થાઓ,
જાઓ સરવ સમાજરે, રાય પુત્રીનું લગ્નજ આજ. ચાવો.
સૌ જન સંગે, પ્રેમ ઉમંગે, અતિ આનંદે, હરીએ રંગે.
ઉમંગશીંહ સાથરે, રાય પુત્રીનું લગનજ આજ ચાવો.

વીજયા— ૫૭

પીયુ પ્યારે, મદનની આગ સમાવો;
આડું અવળું શું ભમાવો. ટેક.
કેમ મ્લાન થયું છે મુખડું રે;
એવું શું પડયું છે દુઃખડું રે;
ઓ પ્યારા એ વાત મને સમજાવો. આડું.

ઉમંગ—સુણ શાણીરે બાત મુને સાંભળીઓ,
તે માટે હું દુઃખ ભરીઓ,
થયા માત તાતથી ન્યારા;
વાલે વનમાં વિસાર્યા,
છે પ્યારીરે દુઃખ તણો થીર દરીઓ. તે માટે૦

ચંપકસેન— ૫૮

હવે હું તો થયો ઘરડો, તમોને રાજ સોંપું છું.
ચલાવોને ઉમંગેથી, તમોને કાજ સોંપું છું.
કહું છું વેણુ તે પળજો, સરવની દાદ દિલ ધરજો
વીચારી વેણ આચારજો, હવે હું તાજ સોંપું છું.

રાજશીંહ— ૫૯

ભાળી મળી છે બાઇની, રૂમાવતીનું રાજ કરે છે એ;

માટે ખોળી કહાડુ, મળુ ભ્રાતને સત્વર હું જઇને.

નેપથ્યમાં—   ૬૦

ટળવળતો મુકી ભ્રાત, રૂમાવતીમાં જઇ વસ્યો;
આવ્યો મળવા માટ, માટે મારી ખબર લે.

રાજશીંહ—   ૬૧

ભ્રાત પ્રણામ સ્વીકારો મારા, શોધ કરી અહીં આવ્યો;
વનમાં ભટકી બહુ દુઃખ પામ્યો, ઇશ્વર અહીંયાં લાવ્યો.
માટે ચાલોને હો સ્વદેશ ભણી જઇએ.

ઉદયશીંહ—   ૬૨

હશે ક્યાં પુત્ર મારા પ્રાણુથી પ્યારા,
વિયોગી હુ અરે છું પુત્ર મારાનો,
કીધા મેં બાળ મારા મુજથી ન્યારા. હશે ક્યાં.
બતાવે બાળ મુંજને કોઈ પ્યારાની,
બતાવે ત્યાં સુધી નહીં દુઃખના આરા. હશે ક્યાં.

સર્વેપાત્રો—   ૬૩

શ્રી દ્વારકાંપતિ આનંદ છે અતિ;
દાસને કૃપા કરી વો નીરમતી મતી.

યથા શક્તી આ ખેલ ભજવીઓ જનરંનને માટ.
કરીએ વિનતી મળીએ મુક્તી સંકટ સૌનાં કાટ–શ્રી૦
ખેલ અવરમાં આપ પધારી, સજન પુરજો આશ.
વિનય ભાવથી કરે વિનતી, વિપ્ર બુલાખીદાસ. શ્રી૦

સમાપ્ત.

જાહેર ખબર.

આ નાટકની ચોપડીઓ જે ગામ નાટક હશે તે ગામમાં તથા બુકસેલર જેઠાલાલ મનસુખને ત્યાં નીચેને પરનામે મળશે.

પુરાણોક્ત ગ્રહસાંતી ગુ. ટી. કીં. ૦-૪-૦

પુરાણોક્ત શ્રાધ પધ્ધતી ગુ. ટી. કી. ૦-૪-૦

હીત્રડંકપુર મહાતમ ગુજરાતી ભાસાંતર કીમત.

રૂ. ૧-૮-૦

વલ્લભકૃતકાવ્ય ભાગ. ૧-૨ કી. ૦-૮-૦

વલ્લભનીતી ૦-૪-૦

મહાભારત વ્યાસ વલ્લભરામનું બનાવેલું તે રૂ. ૩-૦-૦

મચ્છવેદ. રૂ. ૦-૪-૦

અસીમ-ખુનો થકરાપો. રૂ. ૦-૪-૦

સુરેખા રૂ. ૦-૪-૦

ઉપરનાં પુસ્તકો મામ ડાકોરમાં બુકસેલર, જેઠાલાલ મન-સુખરામને ત્યાં મળશે ઠે. બજારમાં.
